## ડીસ્ટ્રીકટ હેલ્થ સોસાયટી બોટાદ માટે કરાર આધારિત ભરતી અંગેની જાહેરાત

ડીસ્ટ્રીકટ હેલ્થ સોસાયટી, બોટાદ દ્વારા શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે સ્ટેટ બજેટ/GUHP/૧૫માં નાણાપંચ અંતર્ગત ૧૧ માસના કરારના ધોરણે નીચે મુજબની જગ્યાઓ ભરવા માટે નિમણુક આપવા તેમજ ભવિષ્યમાં ખાલી પડનાર જગ્યાઓ માટે પ્રતિક્ષા યાદી તૈયાર કરવા સદરહુ જાહેરાત આપવામાં આવે છે. ઉક્ત જગ્યા માટે જરૂરી લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારોએ આરોગ્ય સાથી સોફ્ટવેરની લિંક **https://arogyasathi.gujarat.gov.in** પર **તા:૨૨/૦૬/૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકથી તા:૨૮/૦૬/૨૦૨૬ના રોજ રાત્રે ૧૧:૫૯ કલાક સુધી (દિન-૭માં)** ઓનલાઈન અરજી કરવાની રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | માસિક મહેનતાણું |
|---|---|---|---|
| ૧ | આયુષ મેડિકલ ઓફિસર (24x7 UPHC) કુલ જગ્યા – ૦૨ | શૈક્ષણિકલાયકાત:- માન્ય યુનિવર્સિટીમાંથી B.A.M.S./B.H.M.S.ની ડિગ્રી ધરાવતા હોવા જોઈએ. ગુજરાત આયુર્વેદિક/હોમિયોપેથીક કાઉન્સીલ બોર્ડમાં ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવેલું તેમજ હાલની સ્થિતિએ ચાલુ હોવું જોઈએ. ઇન્ટર્નશિપ પુર્ણ કરેલ હોવી જોઇએ. બેઝીક કોમ્પ્યુટરનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.વય મર્યાદા : ૪૦ વર્ષ | ૨૨,૦૦૦/- |
| ૨ | લેબોરેટરી ટેકનીશીયન (GUHP) કુલ જગ્યા-૦૧ | શૈક્ષણિક લાયકાત:- માન્ય યુનિવર્સિટીમાંથી બી.એસ.સી.ની ડીગ્રી મુખ્ય વિષય કેમેસ્ટ્રી/માઈક્રોબાયોલોજી સાથે ધરાવતા હોવા જોઈએ અથવા એમ.એસ.સી.ની ડીગ્રી ઓર્ગેનિક કેમેસ્ટ્રી/માઈક્રોબાયોલોજી સાથે ધરાવતા હોવા જોઈએ અને માન્ય સંસ્થાનું અથવા ગુજરાત મેડીકલ કોલેજનું લેબોરેટરી ટ્રેનીંગ કોર્સનું સર્ટીફીકેટ ધરાવતા હોવા જોઈએ.ઉમેદવારે લેબોરેટરી પ્રેકટીકલ વર્કના અનુભવનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. વય મર્યાદા : ૪૫ વર્ષ. | ૧૧,૦૦૦/- |
| ૩ | ફાર્માસિસ્ટ (GUHP) કુલ જગ્યા-૦૧ | શૈક્ષણિક લાયકાત:-માન્ય યુનિવર્સિટીમાંથી ફાર્મસી/ડીપ્લોમાં ફાર્મસીની ડીગ્રી ધરાવતા હોવા જોઈએ.ગુજરાત ફાર્મસી કાઉન્સિલ બોર્ડમાં ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવેલું તેમજ હાલની સ્થિતિએ ચાલુ હોવું જોઈએ. બેઝીક કોમ્પ્યુટરનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. વય મર્યાદા : ૪૦ વર્ષ | ૧૧,૦૦૦/- |
| ૪ | ફી.હે.વ. (GUHP) કુલ જગ્યા-૦૨ | શૈક્ષણિક લાયકાત:- ઈન્ડિયન નર્સિંગ કાઉન્સિલ માન્યતા પ્રાપ્ત સંસ્થામાંથી એફ.એચ.ડબલ્યુ/એ.એન.એમ.નો કોર્ષ કરેલ હોવો જોઈએ. ગુજરાત નર્સિંગ કાઉન્સીલમાં ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવેલું હોવું જોઈએ.બેઝીક કોમ્પ્યુટરનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. ફક્ત મહિલા ઉમેદવાર અરજી કરી શકશે. વય મર્યાદા : ૪૦ વર્ષ | ૧૧,૦૦૦/- |
| ૫ | મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરુષ) કુલ જગ્યા-૦૧ | શૈક્ષણિક લાયકાત:- સરકાર માન્ય સંસ્થામાંથી ધો.૧૨ પાસ સાથે એક વર્ષનો MPHW બેઝીક કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ **અથવા** સરકાર માન્ય સંસ્થામાંથી ધો.૧૨ પાસ સાથે એક વર્ષનો SI બેઝીક કોર્ષ પાસ કરેલ હોવો જોઈએ. બેઝીક કોમ્પ્યુટરનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ. વય મર્યાદા : ૪૫ વર્ષ | ૧૫૦૦૦/- |

**અગત્યની સૂચનાઓ :-**

- ઉમેદવારોએ ફક્ત ઓનલાઈન https://arogyasathi.gujarat.gov.in પર કરેલ અરજી જ સ્વીકારવામાં આવશે.
- સાદી ટપાલ/કુરિયર/સ્પીડપોસ્ટ/આર.પી.એ.ડી./રૂબરૂથી કરેલ અરજી રદ ગણવામાં આવશે.
- સુવાચ્ય અને સ્પષ્ટ દેખાય તે રીતે ઓરીજીનલ ડોક્યુમેન્ટની ફોટોકોપી સોફ્ટવેરમાં ફરજીયાત અપલોડ કરવાની રહેશે. જો અસ્પષ્ટ, ન વંચાય તેવા ડોક્યુમેન્ટ અપલોડ કરેલ હશે તો તેવી અરજી રદ ગણવામાં આવશે.
- અધુરી વિગતો વાળી અરજીઓ અમાન્ય રહેશે.
- ઉક્ત તમામ જગ્યાઓ માટેનો પત્ર વ્યવહાર અત્રેની કચેરી દ્વારા ફક્ત ઈ-મેઈલ દ્વારા જ કરવામાં આવશે જેથી તમામ ઉમેદવારોએ ઈ-મેઈલ આઈ.ડી. ખાસ કરીને હાલ કાર્યરત હોય તે જ લખવાનું રહેશે.
- ઉપરોક્ત મળેલ નિયુક્તિ તદન હંગામી ધોરણે તથા કરાર આધારિત જ હોવાથી અન્ય કોઈ હક હિત મળવાપાત્ર થશે નહિ.
- અન્ય શરતો સરકારશ્રી દ્વારા જે નિયત થયેલ છે તે ઉમેદવારોને લાગુ પડશે.
- ઉક્ત જગ્યાની ભરતી પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાતમાં અને ભરતી પ્રક્રિયામાં કોઈ પણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે ભરતી પ્રક્રિયા રદ્ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો સંપૂર્ણ હકક/અધિકાર નીચે સહી કરનાર અધિકારીશ્રીના અબાધિત રહેશે.

સહી
મિશન ડાયરેક્ટર
અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી
બોટાદ

Chief District Health Officer,
Health, District Panchayat
બોટાદ.